Seat No. _____

No. of Printed Pages: 02

[10]

# Sardar Patel University

Master of Arts (Gujarati) Semester – I Examination 2024

Subject Code: PA01EGUJ51 Subject Title: મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

Date: 26/11/2024 Tuesday Time: 10:00 am to 1:00 pm

Total marks: 70

---

પ્રશ્ન. ૧ હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. 10

૧. વિધાનોની યથાર્થતા ચકાસો.

અ. લહિયાઓની લેખન ખાસિયતોના કારણે જ હસ્તપ્રતવાચનમાં મુશ્કેલી પડે છે.

બ. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય આગવી લેખન મરોડ અને લેખન વ્યવસ્થા ધરાવે છે.

(અ) બંને વિધાન સાચા છે (બ) બંને વિધાન ખોટાં છે

(ક) વિધાન અ સાચું છે અને વિધાન બ ખોટું છે (ડ) વિધાન બ સાચું છે અને વિધાન અ ખોટું છે

૨. મધ્યકાલીન હસ્તપ્રત વાંચનમાં (ષ)નું લિપિ ચિન્હ કયા વર્ણ માટે વપરાય છે?

(અ) ષ (બ) ખ (ક) પ (ડ) ય

૩. મધ્યકાલીન હસ્તપ્રત વાચનમાં ઉપયોગી થતો લિપિ ચાર્ટ કોણે બનાવ્યો છે?

(અ) હરિવલ્લભ ભાયાણી (બ) ભોગીલાલ સાંડેસરા

(ક) લક્ષ્મણ ભોજક (ડ) કે. કા. શાસ્ત્રી

૪. ભક્તિને 'પરમપ્રેમ રૂપા' તરીકે કયા ગ્રંથમાં ઓળખાવી છે?

(અ) ભાગવત (બ) શાંડિલ્યસૂત્ર

(ક) નારદભક્તિસૂત્ર (ડ) અષ્ટાધ્યાયી

૫. 'ભક્તિ' શબ્દ સૌ પ્રથમ કયા ઉલ્લેખ કયા ઉપનિષદમાં છે?

(અ) શ્વેતાશ્વતર (બ) મુંડકોપનિષદ

(ક) ઈશાવાસ્યોપનિષદ (ડ) કઠોપનિષદ

૬. નીચેનામાંથી કયા કવિએ વેદાંતી તત્ત્વદર્શી નિર્ગુણ તત્ત્વરૂપની ઉપાસના કરી છે?

(અ) નાકર (બ) અખો (ક) ભીમ (ડ). દયારામ

૭. સં. ૧૪૫૦ના અરસામાં 'વસંતવિલાસ'ની રચના થયેલી હોવી જોઈએ એવો મત કયા વિદ્વાનનો છે?

(અ) કાન્તિલાલ વ્યાસ (બ) ભોગીલાલ સાંડેસરા

(ક) મુનિશ્રી જીનવિજયજી (ડ) જયંત કોઠારી

૮. 'વસંતવિલાસ' ચમક ચમક થતી ચાંદરણીનાં જેવું કાવ્ય છે - આ વિધાન કયા વિદ્વાનનું છે?

(અ) કે. હ. ધ્રુવ (બ) અંબાલાલ જાની

(ક) આનંદશંકર ધ્રુવ (ડ) રમણ સોની

૯. 'વસંત તણા ગુણ ગહગહ્યા મહમહ્યા સવિ સહકાર !

ત્રિભુવનિ જયજયકાર પિકા રવ કરઈ અપાર !!' - આ પંક્તિમાં શેનો નિર્દેશ કરવામાં આવ્યો છે?

(અ) કવિનિર્દેશ (બ) મંગલાચરણ

(ક) કથાવસ્તુ (ડ) વસંતવર્ણન

૧૦. 'વસંતવિલાસ' ફાગુ કેટલી પંક્તિ કાવ્ય છે?

(અ) ૮૦ (બ) ૮૪ (ક) ૯૦ (ડ) ૯૪

પ્રશ્ન. ૨ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધન-સંપાદનના પ્રશ્નોની ઉદાહરણસહ ચર્ચા કરો. 15

અથવા

પ્રશ્ન. ૨ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં હસ્તપ્રતવાચન અને આસ્વાદનનાં પ્રશ્નોની વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન. ૩ 'ભક્તિમાં ભક્ત અને ભગવાન વચ્ચે અંતઃકરણનો સંબંધ હોય છે '- આ વિધાનને આધારે ભક્તિમાર્ગી કવિતાપ્રવાહનો ઉદાહરણસહ વિગતે પરિચય કરાવો. 15

અથવા

પ્રશ્ન. ૩ ભક્તિ એટલે શું? તે જણાવી જ્ઞાનમાર્ગી કવિતાની રૂપરેખાની વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન. ૪ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપ પ્રબંધ **<u>અથવા</u>** પદ્યવાર્તાનો સવિસ્તાર પરિચય કરાવો. 15

પ્રશ્ન. ૫ 'વસંતવિલાસમાં કડીએ કડીએ જીવનનો ઉલ્લાસ ઉભરાઈ જાય છે' - આ વિધાનને આધારે 'વસંતવિલાસ'ફાગુનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. 15

અથવા

પ્રશ્ન. ૫ . બંને ટૂંકનોંધ લખો

૧. 'વસંતવિલાસ' ફાગુમાં પ્રકૃતિવૈભવ.

૨. 'વસંતવિલાસ' ફાગુમાં છંદ-અલંકાર.

—X—